# શહેરમાં તાવના ૩૨૦ કેસ મળ્યા

## ૮ સ્કૂલોને પણ મચ્છરોના બ્રિડીંગ મળતાં તંત્રની ટીમોએ નોટીસ આપી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૩૨૦ જેટલા શંકાસ્પદ તાવના દર્દીઓ શોધી કાઢી તેમના લોહીના નમૂના લેવામાં આવ્યા છે જે પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

તંત્રની ટીમો દ્વારા શહેરની ૩૧ જેટલી સ્કૂલોની પણ ચકાસણી કરવામાં આવી હતી જે પૈકી ૮ સ્કૂલોમાં મચ્છરોના ભારે બ્રિડીંગ જણાતાં શાળા સંચાલકોને નોટીસ આપવામાં આવી છે.

શહેરી મેલેરિયા તંત્રની ૬૦ જેટલી ટીમો દ્વારા આ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આજે ટીમોએ ૧૮,૪૧૯ જેટલા આવાસોને સર્વેલન્સ દરમ્યાન આવરી લીધા હતા. જે દરમ્યાન આવાસોના ૩૮ હજારથી વધુ પાત્રોની ચકાસણી કરાઈ હતી. જેમાંથી ૯૧૧ પાત્રોમાં એડીસ મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા.

તંત્રની ટીમો દ્વારા તાબડતોબ એન્ટી લારવેલની કામગીરી કરી અને આ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો હતો.

શહેરમાં મેલેરિયાના કેસો ઘટ્યા છે જ્યારે છુટા છવાયા કેસો ડેન્ગ્યુના મળ્યા છે પણ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં આ સર્વેલન્સ ૮ દિવસ સુધી ચાલશે. આ માટે તંત્રએ રોડમેપ પણ તૈયાર કરી દીધો છે. અગાઉ સર્વેલન્સ દરમ્યાન ૧૦ જેટલી જગ્યાએ નોટીસો તંત્ર દ્વારા થમાવી દેવામાં આવી હતી અને ત્યાં સારી કામગીરી કરવામાં આવી રહી હોવાનું પણ તંત્રની ટીમોની મુલાકાતમાં જણાયુ છે.

# રાજ્યમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે ક્રાંતિકારી નિયમો જાહેર

## બાંધકામ ક્ષેત્રને સ્પર્શતા પ્રશ્નોના નિવારણ માટે પહેલ : બાંધકામના નિયમોમાં મહત્વની જાહેરાત : કોમન પ્લોટથી નાના પ્લોટના કેસોમાં પ્લોટ સાઈઝ મુજબ માર્જિન રહેશે

અમદાવાદ,તા.૨૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં નિયમો સરળ અને સામાન્ય માનવીને પણ લાભકર્તા હોય તેવા સંવેદનાસ્પર્શી-પારદર્શી પ્રશાસનની નેમ સાથે રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે ક્રાંતિકારી અને સંક્ષિપ્ત નિયમો જાહેર કર્યા છે. મુખ્યમંત્રીએ અમદાવાદમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, મહેસૂલ મંત્રી કૌશિક પટેલ તેમજ ઊર્જા મંત્રી સૌરભ પટેલની ઉપસ્થિતીમાં ક્રેડાઈ ગુજરાત દ્વારા આયોજીત ગ્રોથ એમ્બેસેડર્સ સમિટ ૨૦૧૯નો પ્રારંભ કરાવતા આ મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. તેમણે સર્વગ્રાહી સ્વીકૃત થાય એટલું જ નહિ, સરળતાએ આયોજન અને અમલ પણ થઈ શકે તે હેતુસર બાંધકામ નિયમોમાં કેટલીક મહત્વની જોગવાઈઓ કરી છે.



વિજય રૂપાણીએ શહેરી વિકાસ ક્ષેત્રોને આયોજનબદ્ધ વેગ આપવા સાથે ખાનગી અને જાહેર જમીનો પરની ઝૂંપડપટ્ટી વસાહતોને સુવિધાયુકત આવાસ મળે તે માટે તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના તહેત ૨૦૨૨ સુધીમાં સૌને આવાસ છત્ર મળે તેવા ભાવ સાથે તાજેતરમાં અનેક પહેલરૂપ નિર્ણયો કર્યા છે. એટલું જ નહિ, ટી.પી. એકટના ૧૦૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર એક જ વર્ષમાં ૧૦૦ ટીપી સ્કીમ મંજૂર કરવાની સિદ્ધિ મુખ્યમંત્રીએ હાંસલ કરી છે. તેમણે આ વર્ષ ૨૦૧૯માં પણ નવ માસના ગાળામાં ૭૫ ટીપી સહિત ૮ ડીપીને મંજૂરીઓ આપી આયોજનબદ્ધ શહેરી વિકાસની સંકલ્પબદ્ધતા દર્શાવી છે.

# સેકટરોમાં પ્લાસ્ટીક પ્રદુષણનો અજગરી ભરડો

## રખડતી ગાયો પણ સલામત નથી : ખાડે ગયેલી સફાઇ વ્યવસ્થા વચ્ચે પ્લાસ્ટીક કચરાના ઢગ ખડકાયા છે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર ગ્રીન સીટીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે સ્માર્ટ સીટીના સોહામણા શમણાં સાથે નગરને વધુ રુપાળુ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ બ્યુટીફિકેશની યોજનાઓ વચ્ચે માળખગત સુવિધાઓ પણ ખાડે ગઈ છે. દિનપ્રતિદિન શહેરના સેકટરોમાં ગંદકી અને પ્લાસ્ટીક પ્રદુષણના મામલે બિહામણાં દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરોની ભીતરમાં અને જાહેર સ્થળો પર રખડતા ઢોર વચ્ચે જોવા મળતી ખદબદતી ગંદકીના લીધે સ્માર્ટ સીટીમાં સમાવિષ્ટ શહેર સામે અનેક સવાલો મંડરાય છે. પાટનગર હોવાના નાતે શહેરમાં ગંદકી અને રખડતા ઢોરની સમસ્યા હલ થઈ નથી ત્યારે સ્માર્ટ સીટીના ટેગથી ગંદકી અને તેના નામે થતા ગોટાળા એમ જ ગાયબ થઈ જશે તે વાત હકીકતથી તદન વિપરિત હોવાનો વિચાર કદાચ સત્તાધીશોને સતાવતો નહીં હોય વરસાદી દિવસોમાં બહારગામથી આવતા મુલાકાતીઓ નગરના મુખ્યમાર્ગો પર જોવા મળતી હરિયાળી જોઇને હરખાતા હશે પરંતુ મોસમથી પ્રભાવિત પ્રકૃતિનિ તાજગી સાથે સેકટરોમાં સર્જાતા





ગંદકીના ઢગ અને મચ્છરોના આશ્રય સ્થાનો સ્થાનિક રહીશો માટે મુંઝવણરૂપ અને જોખમી બન્યા છે. શહેરમાં વિકાસના નામે હરિયાળીનો કચ્ચરઘાણ વળી ગયો છે અને રહ્યો છે ત્યારે લીલાછમ વૃક્ષોના નિકંદન સાથે પ્લાસ્ટીકનુ પ્રદુષણ પણ વધી રહ્યુ છે. પર્યાવરણ બચાવો અને પ્રદુષણ ભગાવોના સ્લોગન સામે ભૌગોલિક સ્થિતિ આંખોમાં ખુંચે તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. શહેરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પરિસ્થિતિ હતી તેનાથી ખરાબ થતી જાય છે. પ્રશ્ન સફાઈનો હોય કે ગંદકી, દબાણ અને પ્રદુષણનાં મહાનગરપાલિકાનુ તંત્ર નિરસતા દાખવે છે. જયારે અન્ય વિભાગ હવે કોર્પોરેશનનુ તંત્ર જવાબદાર હોવાનુ જણાવી વહીવટી રીતે પોતાની હદ રજુ કરી વાતમાંથી હાથ સેરવી લે છે. આવા સંજોગોમાં આમ નાગરિકોએ તો તગડો ટેક્ષ ચુકવીને પણ ઘર આંગણે ગંદકી, રખડતા ઢોર અને પ્લાસ્ટીક પ્રદુષણના ઢગ ખડકાયેલા જોવાનુ ફરજિયાત બની ગયુ છે. સેકટરોમાં ઢોર અને ગંદકીનો પ્રશ્ન જ રખડતી હાલતમાં છે. બીજીતરફ પ્લાસ્ટીક મુકત બનાવાની વાતો પણ હજુ એક શમણાં સમાન છે સેકટરોમાં ખડકાયેલા પ્લાસ્ટીક કચરાના ઢગથી જન આરોગ્યની સુખાકારી સામે પણ અનેક સવાલો મંડરાયા છે. સે-૫ થી વાવોલ તરફ જતા રસ્તા પર પશુદવાખાનુ સ્થિત છે. જે વર્ષોથી બંધ હાલતમાં છે. આ ઠેકાણે પ્લાસ્ટીક કચરાનો ઢગ ખડકાયો છે રખડતા ઢોર આ કચરામાં મોઢુ નાંખતા રખડતા ઢોરને ખિલ્લે બાંધી ન શકતુ તંત્ર પ્રદુષણ ફેલાવતુ અટકાવવા માટે અસમર્થ છે. જનજાગૃતિનો પણ અભાવ વર્તાય છે. વોર્ડ નં -૭ ના કોર્પોરેટર રાકેશ પટેલે પણ આ મામલે યોગ્ય પગલા લેવાય તે માટે રજુઆત કરી છે.

# સે-૧૭ના જ-કક્ષાના આવાસોમાં પાણી નથી આવતુ પણ ગટરો ઉભરાય છે

ગાંધીનગર તા ૨૩

શહેરના સે-૧૭ માં સ્થિત જ કક્ષાના રહીશો દુવિધાઓના લીધે ત્રાહીમામ પોકારી ગયા છે. આ વિસ્તારમાં છેલ્લા બે મહીનાથી પાણી આવતુ નથી જયારે ઘર આંગણે ગટરનુ દુષિત પાણી ઉભરાતા રહીશો તોબા પોકારી ગયા છે. સેકટરોના આવાસોનુ પણ રીનોવેશન થતુ નથી. રહેણાંકને લાયક ૩૫૦ જેટલા આવાસો લાંબા સમયથી ખાલી છે. આ આવાસો રહેણાંકને લાયક ન હોય તો નિકાલ માટે પણ કોઈ ગતિવિધિ હાથ ધરાતી નથી

શહેરના સેકટરોમાં માળખાગત સુવિધાઓના નામે મીંડુ ચિતરાયેલુ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. સેકટરોની સરકારી વસાહતમાં પાણી અને ગટરની સમસ્યા જટીલ બની છે. સે-૧૭ માં પણ છેલ્લા બે મહીનાથી પાણી આવતુ ન હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સેકટરના જ કક્ષાના આવસોમાં પાણી ન આવતા રહીશોએ પારવાર હાલાકી વેઠવી પડે છે. સેકટરમાં સ્થિત ૩૫૦ જેટલા મકાનો લાંબા સમયથી ખાલી છે. જયારે આ મકાનોનુ ઘણાં સમયથી રીનોવેશન પણ થતુ નથી અને આવાસો જોખમી હોવાનુ પણ સ્પષ્ટ ન થતા નિકાલ હેઠળ આવાસો તોડવા માટે પણ આયોજન થતુ નથી સેકટરોમાં પાણીની સાથે ગટર ઉભરાવાની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી સે-૧૭ ના જ કક્ષાના વિસ્તારમાં ગટરો ઉભરાતા ઘર આંગણે જ ગંદકી સર્જાય છે. ગટરના દુષિત પાણી ફરી વળતા રહીશો પણ તોબા પોકારી ગયા છે. આવા સંજોગોમાં ગટરોની સમસ્યા નિવારવા માટે પણ ત્વરિત પગલા લેવાય તેવી માંગ સ્થાનિક રહીશોએ કરી છે. સેકટરમાં વરસાદી દિવસોના અંતે ઘાસ તેમજ બિનજરૂરી વનસ્પતિ પણ ઉગી નિકળતા મચ્છર તેમજ જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. સેકટરમાં દુવિધાઓનુ દંગલ સર્જાયુ છે. ત્યારે સ્થાનિક રહીશો ત્વરિત પગલા લેવા માટે પ્રબળ માંગ ઉઠાવી રહ્યા છે.

# આરટીઓમાં સર્વર ડાઉન થતા ડ્રાઈવીંગ ટ્રેક બંધ રહ્યો

## લાયસન્સના ટેસ્ટ માટે આવેલા અરજદારો પણ ધક્કે ચઢયા : રોષે ભરાયેલા અરજદારોએ એઆરટીઓની ચેમ્બરમાં હોબાળો મચાવ્યો

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં આજે સર્વર ડાઉન રહેતા ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક બંધ રહ્યો હતો જેના લીધે આજે લાયસન્સ ના ટેસ્ટ માટે આવેલા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. અરજદારોએ એ આર ટી ઓની ચેમ્બરમાં જને હોબાળો મચાવ્યો હતો. એકબાજુ ટ્રાફિક નિયમનના મામલે કડક દંડ વસુલી કરવા પોલીસ તંત્ર સજ્જ બન્યુ છે. ત્યારે લાયસન્સ અને પીયુસી સહીતની કામગીરી માટે વાહનચાલકોએ રોજબરોજ કતારમાં ખડા થવુ પડે છે. આમ છતા અરજદારોનુ કામ થતુ નથી.

શહેરમાં ટ્રાફિક નિયમનના મામલે નાગરિકો વધુ સજાગ બન્યા છે. ટ્રાફિકના નિયમનના પાલન માટે વાહનચાલકો સજ્જ થઈ રહ્યા છે. એકબાજુ પીયુસી કઢાવવા માટે પણ લાંબી કતાર જોવા મળે છે.જયારે લાયસન્સ માટે પણ આર ટી ઓ કચેરીમાં વાહનચાલકોની ભીડ જોવા મળી રહી છે. આર ટી ઓ કચેરીનો વહીવટ પેપરલેસ હોવાની સાથે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સહીતની વ્યવસ્થા આર ટી ઓ તંત્ર દ્વારા કરવામાં આવી હોવાનુ પણ જણાવાય છે પરંતુ અરજદારો હાલની સ્થિતિએ પણ રોજબરોજ ધકકે ચઢે છે. ક્યારેક સર્વર ડાઉન હોવાના લીધે આર ટી ઓ કચેરીનો વહીવટ જ ઠપ્પ થઈ જાય છે. વાહનોના નંબર પાડવાની કામગીરી પણ અટવાઈ પડતા અંદાજિત ૪ હજાર જેટલા વાહનોના પણ નંબર પડયા નથી. ટ્રાફિકના નવા નિયમોને અનુલક્ષી આગામી ૧૫ ઓકટોબરથી કડક દંડ વસુલી કરવામાં આવશે ત્યારે હાલ વાહનચાલકો પણ નિયમનને અનુલક્ષી સજ્જ થઈ રહ્યા છે. પરંતુ વાહનચાલકોને આ મામલે ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન રહેતા કામગીરી ઠપ્પ થઈ જાય છે જેના લીધે અરજદારોના કામ પણ થતા નથી. આજે પણ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન રહેતા ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર વાહનચાલકોનો ટેસ્ટ લેવાયો ન હતો. ટ્રેક બંધ રહ્યો હતો. જેના લીધે લાયસન્સની કામગીરી માટે આવેલા અરજદારોનુ કામ અટક્યુ હતુ. ટ્રાફિકના નિયમનને અનુલક્ષી છેલ્લા કેટલાક દિવસોથી આર ટી ઓ કચેરીમાં ભીડ જોવા મળી રહી છે. પરંતુ ટેકનિકલ ખામીના લીધે અરજદારોના કામ અટવાયા છે. આજે પણ અરજદારો કંટાળીને પરત ફર્યા હતા.

# પેટા ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા વેગીલી

## જાહેરનામુ પ્રસિદ્ધ : પ્રથમ દિવસે એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી : શનિવાર સુધીમાં ઉમેદવારો આખરી થવાના સંકેતો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાની છ બેઠકોની પેટા ચૂંટણીના પડઘમ વાગી ચુકયા છે ત્યારે ઉમેદવારોની પસંદગી અંગેની પ્રક્રિયા પણ વેગીલી બની છે. આ જંગના બે મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ-કોંગ્રેસ બન્નેમાં ઉમેદવારની પસંદગીના મુદ્દે કશમકશની લડાઈ જોવા મળી રહી છે.

વિધાનસભાની ચૂંટણી માટેનુ આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ આ જંગ માટે એક પણ ઉમેદવારે હજુ ઉમેદવારી નોંધાવી નથી. પરંતુ શનિવારે ઉમેદવારી પત્રો ભરાશો તેવા સંકેતો મળી રહ્યા છે.

બન્ને પક્ષોએ ઉમેદવારોની પસંદગી માટે આમ તો સંગઠનના જુના અને કસાયેલા આગેવાનોને ખાનગીમાં જવાબદારી સોંપી છે જ્યારે બીજી તરફ ઉમેદવારોને સાંભળવા માટેની કવાયત પણ હાથ ધરી છે.

ભારતીય જનતા પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગી અંગે આ વખતે ખુબજ ચોકસાઈ રાખવામાં આવી રહી છે. બધી જ બેઠકો મહત્વની હોવાથી પસંદગીની રણનીતિ અંગે છાતી સરખા કાર્ડ રાખવામાં આવી રહ્યા છે.

ભારતીય જનતા પક્ષ શિસ્તબદ્ધ પાર્ટી તરીકેની એક આગવી ઓળખ જનમાનસમાં ઉભી કરવામાં સફળ રહેલ છે.

આ પેટા ચૂંટણીના જંગમાં બન્ને પક્ષોમાં આંતરિક અસંતોષનો ડર અંદરખાને જરૂર સતાવી રહ્યો છે આમ છતાં બન્ને પક્ષ દ્વારા ઉમેદવારની પસંદગીમાં કાર્યકર્તા તરીકેની સિનીયોરીટી, પક્ષમાં કાર્યકર્તાઓનો મૂડ અને પક્ષના કાર્યકર્તાઓને સાથે કોણ રાખી શકશે તે સહિતના તમામ પાસાંઓને ધ્યાને લઈ પસંદગી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

દરમ્યાન આજે બપોર પછી મુખ્યમંત્રીના નિવાસસ્થાને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક બોલાવવામાં આવી છે તેમાં ઉમેદવારોની પેનલ કે સીંગલ નામ મોકલવાને લઈ નિર્ણય લેવામાં આવશે. ઉમેદવારોના નામ દિલ્હી મોવડીમંડળની મંજૂરી પછી જાહેર થશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા પણ ઉમેદવારની પસંદગી અંગેની પ્રક્રિયા વેગીલી કરી દેવાઈ છે. એકાદ બે દિવસમાં જ ચૂંટણી સમિતિ દ્વારા ઉમેદવારોની પેનલ તૈયાર કરી અને દિલ્હી લઈ જવાશે અને ત્યાંથી ઉમેદવારની પસંદગીને આખરી ઓપ આપવામાં આવશે.

# અરેબિયન દરિયામાં ચક્રવાતી તોફાની હિકા વધુ તીવ બન્યું

## તંત્ર સંપૂર્ણપણે સજ્જ : હિકાની અસર હેઠળ દરિયાકાંઠે પ્રચંડ પવન : ગુજરાત તરફ આવવાની શક્યતા ખુબ ઓછી હોવા છતાં સિગ્નલ મુકાયા

અમદાવાદ, તા.૨૩

અરેબિયન દરિયામાં ઘેરા દબાણનું ક્ષેત્ર બનવાથી ચક્રવાતી તોફાન હિકા વધુ તીવ્ર બની ગયું છે. પરિણામ સ્વરુપે ગુજરાતના દરિયાકાંઠે પ્રચંડ પવન ફુંકાશે સાથે સાથે ભારે વરસાદ પણ થનાર છે જેથી દરિયામાં સ્થિતિ ખરાબ થઈ શકે છે. મોજા ઉછળી શકે છે. માછીમારોને બુધવાર સુધી દરિયામાં નહીં જવા માટે કહેવામાં આવ્યું છે. વાવાઝોડાની સંભાવનાને લઈને તંત્ર સાબદુ થઈ ગયું છે. હવામાન વિભાગના કહેવા મુજબ હિકાના ગુજરાત તરફ આવવાની શક્યતા ઓછી છે પરંતુ આનાથી રાજ્યના દરિયાકાંઠા પર પ્રચંડ પવન ફુંકાશે. રવિવારના દિવસે ઉત્તર પૂર્વ અને તેની સાથે જોડાયેલા વિસ્તારમાં દબાણના ક્ષેત્ર બનવાથી ચક્રવાતી તોફાન હિકા પશ્ચિમ તરફ આગળ વધીને મજબૂત થઈ ગયું છે. હવામાન વિભાગના કહેવા મુજબ હિકા ગુજરાતના વેરાવળના પશ્ચિમ દક્ષિણમાં આશરે ૪૯૦ કિલોમીટર, પાકિસ્તાનના કરાંચીના દક્ષિણ પશ્ચિમમાં ૫૨૦ કિલોમીટર તથા ઓમાનના માસીરાહથી પૂર્વ દક્ષિણમાં ૭૧૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. ઘેરા દબાણના કારણે બુધવારે વહેલી પરોઢે તે પશ્ચિમ તરફ આગળ વધશે અને ઓમાન દરિયાને પાર કરે તેવી શક્યતા છે. આગામી ૨૪ કલાક દરમિયાન તે વધુ તીવ્ર બનશે. ત્યારબાદ ક્રમશઃ કમજોર બનશે. બીજી બાજુ ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારમાં ભારે વરસાદ પડ્યો છે. બનાસકાંઠામાં વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ વરસાદ થયો છે. હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી ૨૪ કલાકમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com